ગાંધીનગર સમાચાર

તા. ૨૨-૯-૨૦૧૩, રવિવાર

## તંત્રી સ્થાનેથી.....

### 'સેક્સ'નો શસ્ત્ર તરીકે થઈ રહેલો ઉપયોગ ચિંતાજનક

રાજસ્થાનના પશુપાલન અને ખાદી-ગ્રામોદ્યોગમંત્રી બાબુલાલ નાગર સામે બળાત્કારનો આરોપ મુકાયો છે. આવા આરોપસર સંત આસારામ રાજસ્થાનની જોધપુર જેલમાં સબડી રહ્યા છે અને દેશભરના મીડિયા આ જ મુદ્દો ચગાવી રહેલ છે તેવામાં સરકારના એક મંત્રી સામે આવા આક્ષેપો થતાં રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહલોત માટે એમનું રાજીનામું માગી લેવા સિવાય બીજો વિકલ્પ જ ક્યાં બચ્યો હતો? હવે બાબુલાલ નાગરની પણ વિધિસર ધરપકડ થશે અને અગાઉ જે રીતે ભંવરી કેસમાં મદેરણા જેવા સિનિયર મંત્રીને જેલની હવા ખાવાવારો આવ્યો હતો એમ રાજસ્થાનના વધુ એક મંત્રીને જેલ ભેગા થવાની નોબત આવી ગઈ છે. રાજસ્થાન કોંગ્રેસના અન્ય એક અગ્રણી અને આંજણા સામે પણ બળાત્કારનો કેસ નોંધાતાં કોંગ્રેસને આગામી વિધાનસભાની ચૂંટણી ટાણે જ ગ્રહણ ટાણે સાપ કાઢવા જેવી સ્થિતિ સરજાવા પામી છે. મહાત્મા ગાંધી 'બ્રહ્મચર્ય' મુદ્દે કેટલી દૂરંદેશી ધરાવતા હતા, તેનો આજે ફેલાયેલી વિકૃતિ સંદર્ભે અભ્યાસ કરવા જેવો છે. તેઓ ભવિષ્યના નેતાઓ લંગોટના પાકા બને એવું ઈચ્છતા હતા. મદેરણા તો ક્યારેક મુખ્યમંત્રીપદના દાવેદાર ગણાતા હતા. એમને રાજકારણ વારસામાં મળ્યું છે. એમના પિતા સ્વ. પરસરામ મદેરણા રાજસ્થાન પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ હતા અને કેન્દ્રીય મંત્રીમંડળમાં પણ રહી ચૂક્યા હતા. રાજસ્થાનના જાટ સમુદાયના મૂળ કોંગ્રેસ સાથે સંકળાયેલ આ નેતાના જેલવાસ પછી આ દબંગ જનસમુદાયને પોતાના નિયંત્રણમાં રાખવાના એક ઉપાય લેખે પંચ્યાશી-છયાશી વર્ષના વયોવૃદ્ધ નેતા શઈશરામ ઓલાનો કેન્દ્રીય કેબિનેટમાં સમાવેશ કરવો પડ્યો હતો. રાજસ્થાનમાં ગહલોત સામેનું કોંગ્રેસનું એક જૂથ ઘણા લાંબા સમયથી સક્રિય છે. કેન્દ્રીય મંત્રી સી.પી. જોશીના નેતૃત્વ હેઠળના આ જૂથને ગહલોત સરકાર સામેના વિવિધ પડકારોથી બળ સાંપડ્યું છે. ગહલોતના વિકલ્પે ડો. સી.પી. જોશીને ભાવિ મુખ્યમંત્રી તરીકે પ્રોજેક્ટ કરવાનો વ્યૂહ પણ વિચારાયો હોય એમ લાગે છે. રાજકારણ આજકાલ એક ગંદી ખટપટોનું મોકળું મેદાન બની ચૂક્યું છે. એમાં જુદી કે પરસ્પરની વિરોધી વિચારસરણી ધરાવતા પક્ષો કે જૂથો જ એકમેક વિરુદ્ધ લડતાં હોય એવું નથી. એક જ પક્ષમાં બે ત્રણ જૂથો પડી જતાં હોય છે જે પરસ્પર શત્રુભાવે વર્તે છે, 'હું મરું પણ તને રાંડ કરું.' વાળી નકારાત્મક કૂટનીતિ અપનાવી યાદવાસ્થળીથી આપણે સુપરિચિત છીએ. કોંગ્રેસના મોટા નેતાઓ હરહંમેશ એક જ વાતનું રટણ કરતા રહ્યા અને તે વાતમાં ખાસ્સું તથ્ય પણ હતું. તેઓ કહેતા કે કોંગ્રેસને કોંગ્રેસ જ હરાવી શકે, બીજાનું ગજું નહીં. ચૂંટણી વખતે ટિકિટો માટેની હૂંસાતૂંસી અને ટિકિટ માગનારા દસ જણ હોય તો જેને ટિકિટ મળે એને હરાવવા બાકીના તમામ ટિકિટ વંચિતો ભેગા થઈ જાય. પછી વિરોધ પક્ષનો ઉમેદવાર જીતે એમાં નવાઈ શું? ગુજરાતમાંથી કોંગ્રેસનો એકડો નીકળી જવા પાછળ ભાજપની તાકાત કરતાં વિશેષ તો કોંગ્રેસની જૂથબંધી જ છે. રાજસ્થાનમાં કોંગ્રેસ હાઈકમાંડના લાડકા અશોક ગહલોત બે વાર મુખ્યમંત્રી બની ગયા તેથી કોંગ્રેસનું જ અસંતુષ્ટ જૂથ વિશેષ દુઃખી છે, અલબત્ત, સામે વસુંધરા રાજે માટે ભાજપમાં એકમતી પ્રવર્તતી હોવાનો ખ્યાલ પણ ખોટો છે. સત્તાધારી પક્ષના નેતાઓની પોલ-ખોલ- પ્રવૃત્તિમાં વિપક્ષ જેટલો જ શાસક પક્ષના અસંતુષ્ટોને રસ હોય છે. વિકૃત કામવાસનાથી પીડાતા નેતાઓ દરેક પાર્ટીમાં મળી આવે, પરંતુ રાજસ્થાનમાં શાસક પક્ષ ઉપર આ મુદ્દે તવાઈ આવી છે તે સૂચક છે. લૂગડામાં સૌ નાગું હોય છે પરંતુ સંસ્કૃતિના વિકાસ સાથે માનવી એની પ્રાકૃત વૃત્તિઓ પર નિયંત્રણ રાખતાં શીખ્યો છે. ચૂંટણી વિકાસ જેવા મુદ્દા પર લાવી જોઈએ એને ઠેકાણે 'સેક્સ' અને સેક્સ સંબંધી અપરાધો રાજકારણીઓ માટે ચૂંટણી જીતવાનું બ્રહ્માસ્ત્ર બની રહ્યા છે તે ખરેખર ચિંતાનો વિષય ગણાવો જોઈએ.

# જીવનના વિવિધ ક્ષેત્રે અગ્રેસર રહેવાની રાજ્યપાલની અપીલ

અમદાવાદ, તા.૨૧

રાજ્યપાલ ડૉ. કમલાએ આદિજાતિ સમુદાયની છોકરીઓને શિક્ષણ અને રમતગમત સહિત સમાજ જીવનના વિવિધક્ષેત્રોમાં અગ્રેસર રહેવાની હાકલ કરી છે. રાજ્યપાલે છોટાઉદેપુર નજીક આવેલા ઝોઝ ગામે લોક સંવાદ-સંપર્કના કાર્યક્રમથી આદિજાતિ વિસ્તારના પ્રારંભ કર્યો હતો. કસ્તુબા ગાંધી બાલિકા વિદ્યાલય ખાતે તેઓ ગ્રામજનો અને વિદ્યાર્થીઓને મળ્યા હતા. માત્ર અક્ષરજ્ઞાન પુરતું નથી, સઘન અને સર્વગ્રાહી શિક્ષણ મેળવવું જરૂરી છે તેવી લાગણી વ્યક્ત કરતાં રાજ્યપાલે જણાવ્યું હતું કે શિક્ષણથી વ્યક્તિ પોતાનો, પોતાના કુટુંબનો વિકાસ સાધી શકે છે અને તેની સાથે સમાજ અને રાષ્ટ્રની પ્રગતિમાં યોગદાન આપી શકે છે. સ્વતંત્રતા પૂર્વના પોતાના વિદ્યાર્થીકાળને યાદ કરતા તેમણે જણાવ્યું હતું કે તે સમયે શિક્ષણ પ્રાપ્તિની તકો પાંખી અને સુવિધાઓ મર્યાદીત હતી. હવે આવા અંતરાયો રહ્યા નથી. આધિજાતિ સમુદાય પોતાનો અમુલ્ય સાંસ્કૃતિક વારસો જાળવી રાખીને આધુનિક યુગ સાથે કદમ મિલાવે તેવો અનુરોધ તેમણે કર્યો હતો. પંચાયત રાજ્ય વ્યવસ્થાના મજબૂતીકરણ પર ભાર મુકવાની સાથે તેમણે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ ગ્રામ વિકાસનું નેતૃત્વ કરે અને ગ્રામજનોને ગ્રામ વિકાસમાં જોડે તેવી હિમાયત કરી હતી. લોક સંવાદમાં તેમણે બારમાસી રસ્તાઓની સુવિધા, વીજ પુરવઠો, શિક્ષણ, આરોગ્ય, પરિવહન સેવાઓ વિષયક રજુઆતો સાંભળી હતી. ઝોઝના મહિલા સરપંચ કોકિલાબેને આદિજાતિ સંસ્કૃતિને પ્રતિક આપીને, રાજ્યપાલને ભાવપૂર્વક આવકાર્યા હતા.



**વાગ્મિન બુચના માતૃશ્રીના સ્મરણાર્થે સાહિત્ય પરિષદને સવા લાખનું અનુદાન**

શિવરંજનીના પ્રમુખ અને નિવૃત્ત અધિકારી શ્રી વાગ્મિન બુચના માતૃશ્રીની પ્રથમ સ્મરણ તિથિએ ગુજરાતી સાહિત્ય પરિષદને રૂ. ૧.૨૫ લાખનું અનુદાન આપવામાં આવ્યું છે. આ અનુદાનમાંથી મહિલા લેખિકાઓના પ્રથમ પ્રકાશન માટે સહાય આપવામાં આવશે.

# અમદાવાદના વિદ્યાર્થીને ૯૩ લાખનુ પગાર પેકેજ

### *ગુગલ તરફથી ૧૨૫ સ્ટોક વિકલ્પ ઉપરાંત વાર્ષિક જંગી પગાર ઓફર કરાઈ : સમિત સંઘવીએ નવા રેકોર્ડ સર્જ્યા*

અમદાવાદ,તા.૨૧

મંદીના સમયમાં ટોચની કંપનીઓ નાણાં બચાવવાના તમામ પ્રયાસો કરી રહી છે. પરંતુ કેટલીક કંપનીઓ ટેલેન્ટના મામલે કોઈ બાંધછોડ કરી રહી નથી. પ્રાપ્ત અહેવાલ મુજબ અમદાવાદના વિદ્યાર્થી સમિત સંઘવીની ગુગલથી જંગી પગાર પેકેજની ઓફર મળી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ સમિત સંઘવીને ગુગલ પાસેથી જ ૧૨૫ સ્ટોક વિકલ્પ ઉપરાંત ૧૧૫૦૦૦ ડોલર અથવા તો ૯૩ લાખના વાર્ષિક પગાર પેકેજની ઓફર થઈ છે. ગુજરાતના કોઈ પણ એન્જિનિયરિંગના વિદ્યાર્થીને હજુ સુધીની સૌથી મોટી ઓફર થઈ હોવાના અહેવાલ મળ્યા છે. સંઘવી હવે દિલ્હી ટેકનોલોજિકલ યુનિવર્સિટીના એન્જિનિયરિંગના વિદ્યાર્થી હિમાન્શુ જિન્દાલની સાથે જોડાઈ ગયો છે. જિન્દાલને પણ આ જ સર્ચ એન્જિન દ્વારા આટલી જ રકમમાં પસંદગી કરાઈ હતી. ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેસન ટેકનોલોજીના વિદ્યાર્થી સંઘવીની તેના પોસ્ટિંગ માટે કેલિફોર્નિયામાં માઉન્ટેન વ્યુ માટે પસંદગી કરાઈ છે. સંઘવીએ આ અંગે વાત કરતા કહ્યું છે કે તે મંદીના સમયમાં આટલી મોટી પગારની ઓફર કરવામાં આવશે તેમ માનતો ન હતો. તેનુ કહેવુ છે કે તેના માટે આ ડ્રીમ જોબ સમાન છે. તમામ પ્રશ્નો ટેકનિકલ હતા પરંતુ ઈન્ટરવ્યુ લેનાર લોકો સમક્ષ તે પોતાની કુશળતા સાબિત કરવામાં સફળ રહ્યો હતો. ગણિતમાં ભારે રસ ધરાવનાર આ વિદ્યાર્થી ઓકટોબર ૨૦૧૪માં પોતાની જોબ સ્વીકારે તે પહેલા સુધી આ સંબંધમાં તૈયારીમાં વ્યસ્ત રહેનાર છે. ધીરુભાઈ સંસ્થાની પ્રતિષ્ઠા વૈશ્વિક સ્તરે દેખાઈ રહી છે. પ્લેસમેન્ટ સિઝનના માત્ર બે મહિનાના ગાળામાં જ ૮૩ વિદ્યાર્થીઓને ઓફર મળી ગઈ છે. જે પૈકી ૧૯ વિદ્યાર્તીને ૧૦ લાખથી ઉપરના પેકેજનો સમાવેશ થાય છે. ભારત પ્લેસમેન્ટ માટે સૌથી વધુ ઓફર ૧૯.૫ લાખની રહી છે.

## ચૌધરી સ્કૂલનું ગૌરવ

રાજ્યકક્ષાની અન્ડર-૧૯ ટેકવેન્ડો રમત અમદાવાદ ખાતેના હાથીજણ મુકામે યોજાઈ ગઈ. જેમાં શહેરની ચૌધરી વિદ્યાલયની વિદ્યાર્થિનીઓ કુ. રીપલ ચૌધરી અને કુ. નિયા ચૌધરીએ દ્વિતીય અને કુ. મનાલી જોષી, કુ. આરજુ ચૌધરીએ તૃતિય સ્થાન પ્રાપ્ત કરીને સમાજનું અને શાળાનું ગૌરવ વધારેલ છે. આ પ્રસંગે શાળાના આચાર્યા અને શાળા પરિવારે વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવ્યા છે.

# કડી સર્વ વિદ્યાલય સંચાલિત બી.પી. કોલેજ ઓફ બિઝનેસ દ્વારા કેમ્પસ ઈન્ટરવ્યુ યોજાયા

ગાંધીનગર, તા. ૨૧

શહેરની મધ્યમાં આવેલી કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બિઝનેશ એડમિનીસ્ટ્રેશન દ્વારા આઈ.એલ.એન્ડ એફ. એસ. સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના સહયોગથી ૨૦મી સપ્ટેમ્બરના રોજ કોલેજ કેમ્પસમાં ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવ્યું હતું.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓને ગિફ્ટ સિટીમાં આવેલ નામાંકીત કોર્પોરેટ કંપનીઓમાં આશરે ૪૬ જેટલા વિદ્યાર્થીઓ રોજગારી મેળવવામાં સફળતા મેળવી હતી. આ કાર્યક્રમ કોલેજના પ્રોફેસર ડૉ. જયેશ તન્ના, પ્રો. માર્ગી દેસાઈ, પ્રો. આશિષ ભુવા અને કોલેજના પ્રિન્સિપાલ ડૉ. રમાકાન્ત પુષ્ટીના નેજા હેઠળ યોજવામાં આવ્યો હતો.

## દિવ્ય જીવન સંઘ દ્વારા આધ્યાત્મિક સત્સંગ

ગાંધીનગર, તા. ૨૧

સદ્ગુરૂદેવ સ્વામી ચિદાનંદ સરસ્વતીજી મહારાજની જન્મ જ્યંતિ નિમિત્તે દિવ્ય સંઘ દ્વારા શાખાના કાર્યાલય ખાતે તા. ૨૪મી સપ્ટેમ્બરના સાંજે ૭.૦૦ કલાકે આધ્યાત્મિક સત્સંગનું આયોજન કરવામાં આવ્યું છે. ભાવિક સાધકોને સત્સંગનો લાભ લેવા જણાવ્યું છે.

દિવ્ય જીવન સંઘ કાર્યાલય ૨૦૫ આનંદનગર, સેકટર-૨૯ ખાતે સાધકોને હાજર રહેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

## છત્રાલ ખાતે એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન

કલોલ, તા. ૨૦

કૌશલ્ય વર્ધન કેન્દ્ર દ્વારા છત્રાલ ખાતે તા. ૨૪મી સપ્ટેમ્બર મંગળવારે ઝવેરી હાઈસ્કૂલ છત્રાલ ખાતે એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરાયું છે. આઈટીઆઈ પાસ અથવા પરીક્ષા આપેલ તાલિમાર્થીઓ એપ્રેન્ટીસ તરીકે જોડાવા માટે આ ભરતીમેળાનો લાભ લઈ શકે છે. એપ્રેન્ટીસ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ ખાનગી, અર્ધસરકારી તથા સરકારી એકમોને એપ્રેન્ટીસ તાલીમાર્થીઓ મેળવવા ભરતી મેળામાં હાજર રહેવા તાકીદ કરવામાં આવે છે.

## વૈશ્વિક મંદીની પગાર પેકેજ પર IIM-Aમાં માઠી અસર

અમદાવાદ, તા.૨૧

વૈશ્વિક અનિશ્ચિતતાની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ (આઈઆઈએમ-એ)માં પણ સીધી અસર થઈ છે. પ્લેસમેન્ટ પર તેની સીધી અસર જોવા મળી રહી છે. આઈઆઈએમ-એના વિદ્યાર્થીઓની કરવામાં આવી રહેલી પગારની ઓફરમાં ઘટાડો થઈ રહ્યો છે. આઈઆઈએમ-એમાં પ્લેસમેન્ટની પ્રક્રિયા યોજાઈ ચુકી છે. વર્ષ ૨૦૧૧-૧૩ની બેંચને હાઈએસ્ટ સ્થાનિક પેકેજ ઓફરનો આંકડો ખૂબ ઓછો રહ્યો છે. માર્ચમાં ગ્રેજ્યુએટ થયેલાઓને ઓફરનો આંકડો ૩૭ લાખનો રહ્યો છે જ્યારે આંતરરાષ્ટ્રીય પગાર હેઠળ આ જ આંકડો ૧૫૦૦૦૦ ડોલરનો રહ્યો છે.




સાહેબ આપણા શહેરમાં બહુ સિનિયર સિટીઝન્સ છે, એમાં આલ્ઝાઈમરવાળા હશે તો તમે ગમે તેટલા ભાષણ કરો, વોટ તો એ લોકો ગમે તેને આપવાના છે...

# કડી કેમ્પસમાં હિન્દી દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર સ્થિત કડી કેમ્પસમાં આવેલ એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડીયમ સ્કૂલમાં કડી સ્કુલ અને બેંક ઓફ બરોડાના સંયુકત ઉપક્રમે હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી.

આ પ્રસંગે માનવ પ્રગતિમાં બેંકોનું યોગદાન, સમાજને બચાવવા માટે બેટીને બચાવવી પડશે, વ્યકિતગત શિસ્ત જ દેશની શિસ્ત જેવા વિષયો ઉપર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તદઉપરાંત વિદ્યાર્થીઓમાં રહેલી શકિતને જાણવા કાર્ડમેકીંગ, ચાર્ટ મેકીંગ જેવી સ્પર્ધાઓ પણ રાખવામાં આવી હતી. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સ્પર્ધામાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓને બરોડા બેંકના પ્રભારી રાકેશ ચોપડા, વિકાસ ચાવડા તથા શ્રીમતી મનિષા ત્રિપાઠીના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના આચાર્ય અમિત ક્રિશ્ચિયને તમામ વિદ્યાર્થીઓને અભિનંદન આપવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન ચિત્રા વ્યાસ અને ડૉ. વર્ષા પારેખે કર્યું હતું.

# આર્ટ ઓફ લીવીંગ દ્વારા યોગ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૨૧

આર્ટ ઓફ લીવીંગ સંસ્થાના ગાંધીનગર ચેપ્ટર દ્વારા તા. ૨૪મી સપ્ટેમ્બરથી તા. ૨૮મી સપ્ટેમ્બર સુધી યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

શ્રીશ્રી રવિશંકર પ્રેરિત આ સંસ્થા દ્વારા જીવનની નકારાત્મક લાગણીઓ અને તેનાથી આવતો તણાવ દૂર કરી મનને પ્રફુલ્લિત કરી માનસિક શાંતિ તથા શારિરિક સ્વસ્થતા પ્રાપ્ત કરવાના હેતુથી આ શિબિરનું આયોજન કરેલ છે. આ શિબિરમાં સરળ આસનો, પ્રાણાયામ તથા ધ્યાનની પ્રક્રિયા જરૂરી જ્ઞાન સાથે શીખવવામાં આવે છે જેનાથી હાલમાં ચાલુ રહેલ વાયરલ બીમારીઓ જેવી કે ચીકનગુનિયા વગેરેમાં પણ રાહત મળે છે. આ કોર્સનો સમય સવારે ૬.૩૦ થી ૮.૩૦ વાગ્યાનો રહેશે. શિબિરનું સ્થળ મેઘ મલ્હાર કોમ્પલેક્ષ સેકટર-૧૧ ખાતે બીજે માળે રાખવામાં આવેલ છે. વધુ માહિતી માટે બાવકુભાઈ વાળાનો સંપર્ક કરવો.

# ગેમી દ્વારા ગ્રીન કેમીસ્ટ્રી વિષય પરિસંવાદ યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થા (ગેમી) અને ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા ગ્રીન કેમીસ્ટ્રી વિષય પર રાષ્ટ્રીય પરિષદ તા. ૨૩ અને ૨૪ સપ્ટેમ્બરના રોજ હોટલ કેમ્બે અમદાવાદ ખાતે રાખેલ છે.

રાષ્ટ્રીય પરિષદમાં મુખ્ય અતિથિ તરીકે ડૉ. એસ.કે. નંદા આઈ.એ.એસ. તથા એચ.કે. દાસ મુખ્ય સચિવ (વન પર્યાવરણ) ઉપસ્થિત રહેશે. આ પરિષદમાં ભારતભરના નિષ્ણાંતો અને સંશોધક વિદ્વાનો પોતાના વિચારો અને સંશોધન કરવામાં ઉપયોગી કારણો રજુ કરશે તથા આ પરિષદમાં કેમેસ્ટ્રીને લગતા તમામ પાસાઓને આવરી લેવામાં આવશે. તેમજ પર્યાવરણમાં સુધારા કેવી રીતે લાવી શકાય તેની માહિતી પુરી પાડવામાં આવશે તેમ ગેમીના નિયામક ડૉ. સંજીવ ત્યાગીએ જણાવ્યું છે.

# સિધ્ધાર્થ લો કોલેજમાં મોક કોર્ટ યોજાઈ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાં આવેલ સિધ્ધાર્થ લો કોલેજમાં મોક કોર્ટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક શકિતને બહાર લાવવાના હેતુથી કરવામાં આવી હતી. મોક કોર્ટ સ્પર્ધામાં વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

મોક કોર્ટ સ્પર્ધાના મુખ્ય નિર્ણાયક તરીકે માજી. પબ્લિક પ્રોકિસીકયુટર દુર્ગેશ એમ. પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓમાં પ્રથમ ક્રમે ઈરફાન મનસુરી, દ્વિતીય ક્રમે ભાવિક પટેલ અને ત્રીજા ક્રમે અર્ચના મદ્દહુ, દર્શના સોની અને મનિષા પ્રજાપતિ સંયુકત ક્રમે રહ્યા હતા. આ તમામ વિદ્યાર્થીઓને આચાર્ય અને કોલેજ પરિવાર વતી અભિનંદન પાઠવ્યા હતા.

# લોદરાની દલિત વિદ્યાર્થિનીની છેડતી કરનાર આરોપીઓની ધરપકડ કરવા માંગ

ગાંધીનગર, તા. ૨૧

માણસા તાલુકાના લોદરા ગામે શાળાએ જતી ધોરણ-૧૨ની દલિત વિદ્યાર્થિનીની ગામના બે ઈસમોએ કરેલી છેડતી અંગે પોલીસ ફરિયાદ કરવામાં આવી હોવા છતાં આજદિન સુધી આરોપીઓની ધરપકડ થઈ નથી. દલિત સેના ગાંધીનગર દ્વારા વહેલી તકે આરોપીઓની ધરપકડ કરવા માંગ કરવામાં આવી છે.

છેડતીનો ભોગ બનનાર વિદ્યાર્થિની જ્યારે તેની બહેનપણી સાથે શાળાએ જઈ રહી હતી ત્યારે બે ઈસમોએ તેમની પાસે બિભત્સ માંગણી કરી હતી. વિદ્યાર્થિની દ્વારા તેનો પ્રતિકાર કરાતા આરોપીઓએ જાતિ વિષયક અપશબ્દો બોલ્યા હોવાનો આક્ષેપ પણ દલિત સેનાએ કરેલ છે. તા. ૭મી સપ્ટેમ્બરે આ બનાવ અંગે માણસા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હોવા છતાં હજુ સુધી આરોપીઓની ધરપકડ કરાઈ નથી. આથી વિદ્યાર્થીઓને શાળાએ આવતા જતા ગભરાટ અનુભવાય છે. અને અભ્યાસ પર પ્રતિકૂળ અસર પડી રહી છે. આથી ગાંધીનગર જિલ્લા દલિત સેના પ્રમુખ બાબુભાઈ મેસરવાલાએ કાર્યકરો સહિત ડી.એસ.પી. ગાંધીનગરને રજૂઆત કરેલ છે. ડીએસપીએ યોગ્ય કાર્યવાહી કરવાની હૈયાધારણ આપેલ છે તેવું દલિત સેના ગાંધીનગર શહેર પ્રમુખ જયંતીલાલ છત્રારિયાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# કઈ શારીરિક વ્યાધિઓમાં કયો ખોરાક લેવો / ના લેવો : લેખાંક-૧

## ફિઝીકલ ફિટનેસ

*- કાંતિભાઈ રા. પટેલ*

આપણે ઘણી બધી શારીરિક વ્યાધિઓથી પિડાતા હોઇએ છીએ. પરંતુ તે વ્યાધિઓ કઇ ચે તેનો આપણને ખ્યાલ હોતો નથી. એટલું જ નહિ, પરંતુ જે તે શારીરિક વ્યાધિ આપણા શરીરના કયા અવયવોમાં થતી હોય છે. તેનો પણ આપણને ખ્યાલ હોતો નથી. ઘણી વખત, આપણા જે તે અવયવનું આપણા શરીરમાં શું મહત્ત્વ રહેલ છે તેની પણ જાણકારી હોતી નથી, તેથી જે તે શારીરિક વ્યાધિ આપણા શરીરમાં કયા અંગમાં થતી હોય છે તથા તે વ્યાધિને મંદ પાડવા માટે આપણે કયો ખોરાક લેવો જોઇએ અને કયો ખોરાક્ના લેવો જોઇએ તે વિશેની માહિતી મેળવીશું, જે નીચે મુજબ છે.

(૧) કંઠ ગ્રંથિ (Adenoid) :

આવી, કંઠમાં વધેલ ગ્રંથિ પિંડ, કે જેને જિહ્વા મૂળે પણ કહેવામાં આવે છે.

આ ગ્રંથિની વ્યાધિમાં માંસાહારી ખોરાક, દૂધની બનાવટોનો ખોરાક તથા ખટાશવાળા એસિડિક ખોરાક લેવા જોઇએ નહિ.

(૨) પાંડુ રોગ (Anaemia)

આ વ્યાધિમાં લોહીમાં રહેલ હેમોગ્લોબિનની ઓક્સિજન વહન કરવાની ક્ષમતાનો ઘટાડો થતાં શરીરમાં રોજનગર ફિકાશ પેદા થતી હોય છે, જેમાં રૂધિર ક્ષીણતા પેદા થતી હોય છે.

આ વ્યાધિમાં લીલાં પાંદડાવાળા શાકભાજી અને તાજાં ફળ ખાવાં જોઇએ.

(૩) હૃદયની પીડા (Angina Pectoris) :

એન્જાઇનાની આ વ્યાધિમાં અનિયમિત શ્વાસ અવરોધ પેદા થયો હોય છે.

આ વ્યાધિમાં હળવો અને હલકો શાકાહારી ખોરાક લેવો જોઇએ.

(૪) ધમનીની દિવાલ કઠણ થવી (Arteriesclerosis) :

આ વ્યાધિમાં ધમનીની દિવાલ કઠણ થઇ જતી હોય છે. ખાસ કરીને, વૃદ્ધાવસ્થઆમાં કે ઢળતી ઉંમરે આ વ્યાધઇમાં લોહીનાં પરિભ્રમણમાં કઠિનતા સર્જાતી હોય છે, જેનાથી હૃદય, મગજ, પગ વગેરેમાં જરૂરિયાત જેટલું લોહી પહોંચતું હોતું નથી.

આ વ્યાધિમાં પ્રાણીજન્ય ખોરાક (માંસાહાર) લેવો જોઇએ નહીં, કારણ કે, તે ખોરાકમાં કોલેસ્ટ્રોલયુક્ત ચરબીનું પ્રમાણ વધારે હોય છે. દૂધ પણ પ્રાણીજન્ય ખોરાક છે. તેથી તેને ગરમ કરી, તેની મલાઇ કાઢી લીધા પછી તેને ઉપયોગમાં લેવું જોઇએ.

આ ઉપરાંત ધૂમ્રપાન અને મદ્યપાન પણ કરવું જોઇએ નહીં.

(૫) સાંધા સોજાં (Arthritis)

શરીરમાં જ્યાં જ્યાં સાંધા આવેલા છે ત્યાં ત્યાં સોજા થવાની શક્યતા રહેલી હોય છે. સંશોધકોએ લગભગ ૧૭૦૦ જેટલા સાંધાના સોજાં સંશોધિત કરેલ છે, પરંતુ અહીં આપણે કેટલાક પ્રચલિત સાંધાના સોજા વિશે જાણવું યોગ્ય જણાતાં તેની વિગતો આટલા પ્રયાસ કર્યા છે.

સાંધામાં સોજા થવાનાં અનેક કારણો હોય છે, જેવાં કે -

(૧) ઘૂંટણનો પ્રબબ સાંધો સોજો (Acute arthritis)

(૨) એલર્જીક સાંધા સોજો.

(૩) લાંબા ગાળાના રોગને કારણે થતો સાંધા સોજો.

(૪) અપાકર્ષીય (degenevative) સાંધા સોજો

(૫) ફંગસ સાંધા સોજો (Fungus arthritis)

(૬) સૂજાકીય - મૂળનળીનો સોજા (gonorrheal artiritis) જે સુજાક કિટાણુઓને કારણે થતો હોય છે.

(૭) આંગળિયોનાં અપકૃષ્ટ (પતિત) સાંધાના રોગનાં કારણે આકાર બદલાઇ જતો હોવાથી ઉત્પન્ન થતો સોજો (Herberdon's arthritis)

(૮) મેનોપોઝલ આરથ્રાઇટીસ (Menopougal arthritis). આ રોગ માત્ર સ્ત્રીઓમાં રજોવૃત્તિ બાદ થતો હોય છે.

(૯) ન્યુરોટ્રોફિક સોજો (Neurotrophic arthritis), જે જ્ઞાનતંતુઓનાં પોષણ સંબંધી હોય છે.

(૧૦) જાતીય રોગના કારણે થતો સોજો (Syphilitic arthritis)

(૧૧) ક્ષયરોગનાં કારણે થતો સોજો (Tuberculous arthritis)

ઉપરોક્ત બધી જ વ્યાધિઓમાં હળવો અને હલકો શાકાહારી ખોરાક તથા તાજાં મીઠાં (ખાટાં નહીં) ફળ ખાવાં.

ખટાશયુક્ત (એસિડિક) અને અકુદરતી તથા જંકફુડ લેવાનું ટાળવું.

(૬) દમનો રોગો (Asthma)

આ વ્યાધિ એક પ્રકારના શ્વાસનો રોગ છે. આ વ્યાધિમાં ચિકાશ પેદા કરતા ખાદ્ય પદાર્થો, જેવા કે દૂધ, દૂધની બનાવટો, ભાત અને માંસાહારી ખોરાક લેવાનું ટાળવું.

પરંતુ, આ વ્યાધિમાં ઋતુ પ્રમાણેનાં ફળ અને શાકભાજી તથા ખાસ કરીને શિયાળાની ઋતુમાં બાફેલા સલાડનો ઉપયોગ કરવો.

બાકી રહેતી વ્યાધિઓ અંગેની માહિતી આ પછીનાં લેખાંકમાં આપવામાં આવશે.

(ક્રમશઃ)